**આકાશવાણી-ભુજ**

**સમાચાર વાચક:- જાગૃતિ વકિલ**

**કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)**

**તારખ:-12-09-2024** **સમય:-સાજે ૬.૨૫ કલાકે**

---

## ગાંધીનગર – મંત્રી મંડળ બેઠક

ગાંધીનગરમાં આજે યોજાયેલી મંત્રીમંડળની બેઠકમાં રાજ્યમાં કૃષિ પાકના નુકસાનના ચાલી રહેલા સરવેની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના ગુજરાત પ્રવાસ અને તેના આયોજન, રાજ્યની મુલાકાતે આવેલી કેન્દ્ર સરકારની ટુકડીને આવેદનપત્ર આપવા, કચ્છના અબડાસા અને લખપતમાં ભેદી રોગચાળા અને તેના કારણે થયેલા માનવ મૃત્યુ અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી. ઉપરાંત આરોગ્યમંત્રીએ કચ્છની મુલાકાત લીધા બાદ ત્યાંની આરોગ્ય અંગેની પરિસ્થિતિથી મંત્રીમંડળને માહિતી આપી હતી.

**RNU અમદાવાદ**

---

## આરોગ્ય કમિશ્નર કચ્છ મુલાકાતે

કચ્છ જિલ્લાના લખપત અને અબડાસા તાલુકામાં શંકાસ્પદ તાવના કેસને લઈને કચ્છ જિલ્લા વહીવટીતંત્ર તેમજ આરોગ્ય વિભાગની પ્રવર્તમાન કામગીરી તથા સ્થિતિની આજે કચ્છની મુલાકાતે આવેલા પ્રભારી સચિવ તથા આરોગ્ય કમિશ્નર હર્ષદ પટેલે જિલ્લા કલેક્ટર અમિત અરોરા સહિત આરોગ્ય વિભાગના અધિકારીઓ સાથે બેઠક યોજીને સમીક્ષા કરી હતી.

પ્રભારી સચિવ હર્ષદ પટેલે જુના કેસ તથા નવા કેસની માહિતી સાથે શંકાસ્પદ તાવના લક્ષણો અંગે જાણકારી મેળવી હતી. આ અનુસંધાને આરોગ્ય વિભાગને રીસર્ચ માટે એક ડેટાબેઝ તૈયાર તથા તમામ બાબતોનું ડૉક્યુમેન્ટેશન

RNU BHUJ

કરવા ખાસ સૂચના આપી હતી. અસરગ્રસ્ત વાંઢની આસપાસના ગામમાં પણ તાવના કેસમાં ખાસ મોનીટરીંગ સહિતના પગલા ભરવા, તેમજ તે વિસ્તારના ખાનગી દવાખાના કે ડોકટર પાસેથી પણ તાવના કેસનું નિયમિત માહિતી મેળવવા જણાવ્યું હતું. તેમણે દર્દીઓને યોગ્ય સારવાર મળી રહે તે દિશામાં ખાસ ભાર મૂકવા જણાવ્યું હતું. આરોગ્ય વિભાગ દ્વારા દવા છંટકાવ, ફોગીંગ સહિતના પગલાની માહિતી મેળવવા સાથે પશુપાલન વિભાગ દ્વારા કરાતી કામગીરીની પણ સમીક્ષા કરી હતી.

**મા.ખા.**

------------------------------------------------------------------------

## પેસેજ માઈગ્રન્ટ કાઉન્ટ - કચ્છ

કચ્છ જિલ્લામાં સતત ત્રીજા વર્ષે પેસેજ માઈગ્રન્ટ કાઉન્ટ - ૨૦૨૪નું આયોજન કરાયું છે. બર્ડ કન્ઝર્વેશન સોસાયટી ગુજરાત અને બર્ડ કાઉન્ટ ઇન્ડિયા દ્વારા વનવિભાગના સહયોગથી દેશભરના પક્ષીવિદો માટે યોજાનાર કાર્યક્રમમાં તારીખ ૧૪થી ૧૫ સપ્ટેમ્બર એમ બે દિવસીય સર્વેમાં ૨૨૯ પોઇન્ટ પર ૩૯ ટીમ દ્વારા સર્વે હાથ ધરવામાં આવશે. ૫૦૦ - ૫૦૦ મીટર બંને દિશામાં ચાલી આ સર્વે કામગીરી હાથ ધરાશે. ત્યાં નોંધાયેલા પક્ષીઓની નોંધ કરી ઓનલાઇન પ્લેટફોર્મ ઈ-બર્ડ એપમાં આ નિરીક્ષણો અપલોડ કરવામાં આવશે તેવુ એક યાદીમાં જણાવાયું છે. આ કાર્યક્રમમાં દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, ગોવા, ઓડિશા, પશ્ચિમ બંગાળ સહિત દેશના દરેક ખૂણેથી નિરીક્ષકો જોડાશે.

કચ્છના રાપરથી અબડાસા, ઉત્તર-દક્ષિણ-પૂર્વ- પશ્ચિમ સહીત વિસ્તારોમાં ગ્રીડ પ્રમાણે આ વિસ્તાર આવરી લેવામાં આવશે અને વિવિધ ટીમને જવાબદારી સુપરત કરાશે.

**N.P**

------------------------------------------------------------------------

## કચ્છમાં લોક અદાલત

આગામી 14મી સપ્ટેમ્બરના રોજ રાજ્યભરમાં રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરાયું છે. આ લોક અદાલતમાં લઘુતમ બેંકને લગતા દાવા, વાહનને લગતા દાવા, લગ્નજીવનની તકરારને લગતા દાવા, મજૂર તકરારને લગતા દાવા, જમીન સંપાદનને લગતા કેસ, પાણી તેમજ વીજળીને લગતા કેસ, મહેસૂલી દાવા તેમજ દીવાની તકરારને લગતા દાવા સમાધાન માટે મૂકી શકાશે.

જે અંતર્ગત કચ્છ જિલ્લાના તમામ તાલુકાઓની અદાલતોમાં રાષ્ટ્રીય લોક અદાલત તેમજ સ્પેશીયન મેજીસ્ટ્રીરીયલ સિટી યોજવામાં આવનાર છે. વધુ માહિતી માટે જિલ્લા કાનુની સેવા સતા મંડળ ભુજ ન્યાયલયમાં સંપર્ક કરવાનો રહેશે એવું યાદીમાં જણાવવામાં આવ્યું છે.

**N.P**

---

## અનોખો સીટી વોક - ભુજ

આગામી 15મી સપ્ટેમ્બર રવિવારે હોમ્સ ઈન ધ સિટી અને હુન્નરશાળા ફાઉન્ડેશનના સહયોગથી ભુજના ઉત્સાહી યુવાન માટે એક અનોખો સિટી વોકનાં કાર્યક્રમનું આયોજન કરાયું છે. ભુજના પાળેશ્વર ચોક, જુના સ્વામિનારાય મંદિર પાસેથી સવાર સાડા સાત વાગ્યે આ હેરિટેજ વોક શરૂ થશે. અને સાડા નવ વાગ્યે મોટી પોશાળ જાગીર ખાતે ગોષ્ઠી સાથે વોક પૂર્ણ થશે. આ સિટી વોક નિઃશુલ્ક છે. શહેરના હોમ્સ ઈન ધ સિટી દ્વારા આયોજીત આ સિટી વોકમાં ભુજના ઐતિહાસિક સ્થળો વિશે માહિતી આપશે.

**N.P**

---

BHUJ

## કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્ર

બેટી બચાઓ, બેટી પઢાઓ યોજના દીકરીના જન્મને વધાવવા અને તેના શિક્ષણને સુનિશ્ચિત કરવાનું રાષ્ટ્રવ્યાપી અભિયાન છે. આ અભિયાનના ભાગ રૂપે સાંસદ વિનોદ ચાવડાના અધ્યક્ષ સ્થાને ચિલ્ડ્રન હોમ ફોર ગર્લ્સ – કચ્છ મહિલા કલ્યાણ કેન્દ્રની દીકરીઓ માટે કીટ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં સાંસદ વિનોદ ચાવડાએ દીકરીઓને અને દરેક દીકરી ઉચ્ચ અભ્યાસ કરી પ્રતિષ્ઠા મેળવે તેવી શુભેચ્છાઓ આપી હતી. તેમણે આ અભિયાન તેમજ સિગ્નેચર ડ્રાઈવ કેમ્પેઈન બેનરમાં હસ્તક્ષર કરીને દીકરીઓને પ્રોત્સાહિત કરી હતી.

માહિતીખાતુ

---

## મહિલા સ્વાવલંબન યોજના

જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગ અને ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ ગાંધીનગર દ્વારા રાજ્યની જરૂરિયાતમંદ મહિલાઓની રોજગારી આપવાના ઉદેશ્યથી જુદા જુદા વ્યવસાયો શરૂ કરવા મહિલા સ્વાવલંબન યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જે અંતર્ગત ૧૮થી ૬૫ વર્ષ સુધીની રાજ્યની કોઇ પણ મહિલાને ૨ લાખ સુધીની લોન મળવા પાત્ર છે.

આ યોજના અંગે કચ્છ જિલ્લાને કુલ ૧૬ અરજીઓ અંગેનો લક્ષ્યાંક ફાળવવામાં આવેલ છે. જેમાં વહેલા તે પહેલાના ધોરણે અરજીઓ સ્વીકારવામાં આવશે. ઉક્ત યોજનામાં કુલ ૩૦૭ પ્રકારના ટ્રેડનો સમાવેશ કરવમાં આવેલ છે અને આ અંગેના અસલ અરજી ફોર્મ જિલ્લા મહિલા અને બાળ અધિકારીની કચેરી, ભુજ-કચ્છ ખાતેથી મળશે.

માહિતીખાતુ

---